# જાહેરનામું

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંકઃ- ગ-ઉપક/૩૫૨/૨૦૧૨

તા.૭/૮/૨૦૧૨

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) નામદાર સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ તા.૨૭.૪.૨૦૧૨, રીટ પીટીશન નં.૨૬૫/૧૧

(૨) નામદાર સુપ્રીમ કોર્ટના જજમેન્ટ નં૩૧૮/૧૨, રીટ પીટીશનઃ સુપ્રીમ કોર્ટના આઈ.એ.નં. ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ અન્વયે.

નામદાર સુપ્રીમ કોર્ટમાં અરજદારશ્રી અવિષેક ગોયેન્કાએ રીટ પીટીશન નં ૨૬૫/૨૦૧૧ થી જાહેર હિતની અરજી કરેલી. જેમા અરજદારે એવી દાદ માંગેલી કે, બંધારણના આર્ટીકલ ૨૧ મુજબ દરેક વ્યક્તિને સુરક્ષિત જીવન જીવવાની અધિકાર છે, પરંતુ ગંભીર પ્રકારના ગુનાઓ જેવા કે અપહરણ,સ્ત્રીઓ પર જાતીય હુમલા અને લુંટફાટ જેવા ગુનાઓનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યુ છે.આ ગુનાઓ વધવા પૈકીનુ એક કારણ ચાર પૈડાવાળા વાહનોના કાચ પર લગાડવામાં આવેલી બ્લેક ફિલ્મ છે.વાહનોના કાચ પર બ્લેક ફિલ્મ લગાડેલ હોવાથી ગુનેગારોને રક્ષણ મળે છે.ગુનેગારો ધાડ,બળાત્કાર,ખુનના ગુનાઓ અને આતંકવાદી કૃત્ય કરે છે.જેથી વાહનો પર બ્લેક ફિલ્મ લગાવવાની મંજુરી ન હોવી જોઈએ.આ અંગે નામદાર સુપ્રીમ કોર્ટે તા. ૨૭/૪/૨૦૧૨ ના રોજ જજમેન્ટ જાહેર કરી વાહનોના કાચ પર બ્લેક ફિલ્મ કે બીજા કોઈ પણ પ્રકારના મટીરીયલનો ઉપયોગ કરવા પર પ્રતીબંધ ફરમાવેલ.આ જજમેન્ટમાં અમુક સુધારો કરવા જુદા જુદા પક્ષકારોએ આઈ.એ.નં. ૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪ અને ૧૫ થી અરજીઓ કરેલી.તે અરજીઓ નામદાર સુપ્રીમ કોર્ટે તા.૩/૮/૨૦૧૨ ના જજમેન્ટથી કાઢી નાખેલ અને તા.૨૭/૪/૨૦૧૨ ના જજમેન્ટનુ ચુસ્તપણે પાલન કરવા દરેક રાજ્યના/કેન્દ્ર શાસિત પ્રદેશના પોલીસ મહાનિદેશક/પોલીસ કમિશ્નરોને આદેશ કરેલ છે.

નામદાર સુપ્રીમ કોર્ટના ઉપર મુજબના જજમેન્ટ અનુસંધાને હું **એસ.કે.સાઈકીયા**, પોલીસ કમિશ્નરશ્રી,અમદાવાદ શહેર,મુંબઈ પોલીસ અધિનિયમની ધારા ૩૩(૧) 'બ' થી મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છું

<u>**હુકમ**</u> :

નામદાર સુપ્રીમ કોર્ટના હુકમ મુજબ તમામ પ્રકારના વાહનોના આગળના અને પાછળના ઓરીજીનલ વીન્ડ સ્ક્રીન ઉપર કોઈપણ પ્રકારની ફિલ્મ કે બીજું કોઈપણ પ્રકારનું મટીરીયલ લગાડી શકાશે નહિ,અને જે વાહનો પર કોઈપણ પ્રકારની ફિલ્મ કે બીજું મટીરીયલ લગાડેલ હશે તે ટ્રાફીક/સ્થાનીક પોલીસ સ્થળ પર જ દુર કરશે અને કોર્ટ ચલણ પણ કરશે.તેમજ કોઈપણ વેપારી કોઈપણ પ્રકારની ફિલ્મનું વેચાણ કરી શકશે નહી કે કોઈ વાહન પર કોઈપણ પ્રકારની ફિલ્મ લગાવી આપી શકશે નહિ. હુકમનું ઉલ્લંઘન કરનાર વિરુધ્ધમાં કેન્દ્રીય મોટર વાહન નિયમ-૧૯૮૯ ના નિયમ – ૧૦૦(૨) તથા ઈપીકો કલમ – ૧૮૮ મુજબ પગલાં લેવામાં આવશે

**<u>અપવાદ :-</u>**

સુરક્ષાની દ્રષ્ટીએ રાજ્ય સરકારે આપેલ મુક્તિવાળા વાહનોને આ જાહેરનામું લાગુ પદશે નહિ

તા. ૭/૮/૨૦૧૨

**(એસ.કે.સાઈકીયા)**

**પોલીસ કમિશ્નર**

**અમદાવાદ શહેર**

**૧.** મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા.

૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ

૨. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

૩. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., પોલીસ ભવન, ગાંધીનગર.

૪. કલેકટરશ્રી જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ.

૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈ કોર્ટ, ગુ.રા.અમદાવાદ.

રજીસ્ટ્રારશ્રે, સીવીલ અને સેસન્સ કોર્ટ, ભદ્ર,અમદાવાદ

રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ.

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ધીકાટા, અમદાવાદ.

૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.

૭. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી સીટી સીવીલ અને મેટ્રોપોલીટનની કોર્ટ અમદાવાદ શહેર.

૮. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર.

૯. માહિતી નિયામકશ્રી સચિવાલય, ગાંધીનગર

૨/- જાણ સારૂ અને દેનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ

**<u>નકલ રવાના:-</u>**

૧. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર૧/૨, મુખ્ય મથક, વિ.શાખા, ટ્રાફિક, અમદાવાદ શહેર.

૨. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

૩. જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલરૂમ, અમદાવાદ શહેર.

૨/- જાણ સારૂ તેમજ દૈનિકપત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

૪. પો.ઈન્સ.શ્રી તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.

૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે.વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

૫. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિકશાખા, અમદાવાદ શહેર

૨/- ટ્રાફિક મોબાઈલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.